# ના બોલવું પડે છે, સાંભળવું ના પડે છે, ક્યારેય આટલી ને આવી મઝા નહોતી!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના બી.એસ.સી.ના બોટની એટલે કે વનસ્પતિશાસ્ત્રના અધ્યાપક ડો. કુરેશી વિદ્વાન હતા ને એટલે જ કદાચ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય પણ હતા. દરેક પ્રવૃત્તિમાં ભાગ લેવાનો એમનો ઉત્સાહ પણ ગજબનો હતો.

“સર,” એક દિવસ એમના વિદ્યાર્થી નીતિને એમને પૂછ્યું, “આ વખતે ક્યાં વનસ્પતિ જોવા જવાનું છે?”

“અરે,” કુરેશી બોલ્યા, “આપણું તો ત્રણ-ચાર વરસથી નક્કી જ છે- છોટાઉદેપુરનાં જંગલોમાં. આવતા શુક્રવારે જ આપણે જઈશું. શુક્ર-શનિ-રવિ ત્યાં રહીશું અને રવિવારે રાત્રે પાછા આવી જઈશું.”

‘‘સર,” દીપિકાએ પણ પૂછી લીધું, “જંગલમાં બીક તો નહીં લાગે ને?”

“બીક શાની લાગે?” કુરેશીએ હસતાં હસતાં કહ્યું, “એ જંગલોમાં વાઘ છે, દીપડા પણ છે, બાજુમાં વહેતી ઓરસંગ નદીમાં મગર પણ છે છતાં આપણે ડરવાની જરૂર નથી કેમ કે ત્યાંના ફોરેસ્ટ ઓફિસર જગદીશ મીણા મારા ખાસ મિત્ર છે ને એ ત્રણે દિવસ આપણી સાથે જ રહેશે એટલે ડરવાની બિલકુલ જરૂર નથી.”

એ પછી નામ લખાવવાનું શરૂ થયું. વાઘ દીપડા ને મગરની વાત ફેલાઈ ગઈ હતી એટલે આખા વર્ગમાંથી સોળ વિદ્યાર્થીઓ તૈયાર થયા. તેર ભાઈઓ અને ત્રણ બહેનો. કુરેશીસાહેબે એ જ દિવસે મીણાસાહેબને ફોન કરીને પોતે સોળ વિદ્યાર્થીઓ સાથે શનિવારે સવારના આવે છે એમ જણાવી દીધું.

“શનિવારે સવારના જમવાના હશો ને સાહેબ?” મીણાસાહેબે પૂછી લીધું.

“હાજી,” કુરેશીએ કહ્યું, “અમે સત્તરેય જણા શનિવારે સવારે બારેક વાગ્યે અમારા ડ્રાઈવર સાથે જમીશું, બોલો, હવે?”

“હવે શું?” મીણાસાહેબ ફોનમાં હસ્યા, “ત્રણ દિવસની પડી મને! સારું, પધારો. હું રેસ્ટહાઉસ સાફ કરાવી રાખું છું.”

“ભલે સાહેબ” કુરેશીએ કહ્યું, “તકલીફ પડે એવું તો નથી ને?”

“ના રે,” મીણાસાહેબ બોલ્યા, “હા, એક વાત છે, આ શનિવારે મારી દીકરી ને દીકરો એમની મમ્મીને લઈને આવે છે એટલે એ બધાંનો પણ તમને પરિચય થશે.” “શું વાત છે સાહેબ!” કુરેશીએ આશ્ચર્યથી પૂછ્યું, “બાંસવાડાથી આવે છે?” “હાસ્તો,” મીણાસાહેબ બોલ્યા, “મારું ઘર તો બાંસવાડામાં જ છે એ કેમ ભૂલી જાવ છો? ને મારી દીકરી ક્ષિપ્રા બી.એસ. સી.ના છેલ્લા વર્ષમાં છે. મારો દીકરો અતુલ બી.ઈ. મિકેનિકલ એન્જિનિયર થઈને મિલિટરીમાં જોડાયો. અત્યારે એનું પોસ્ટિંગ અરુણાચલ પ્રદેશમાં છે. એ જ્યારે જ્યારે રજા લઈને બાંસવાડા આવે ત્યારે ત્રણે જણાં અઠવાડિયા માટે અહીં આવે છે.”

“ભલે,” કુરેશીએ ફોન મૂકતાં કહ્યું, “શનિવારે મળીએ છીએ.” શનિવારે સવારે કુરેશીસાહેબ સોળ વિદ્યાર્થીઓને લઈને મીની બસમાં છોટાઉદેપુર જવા નીકળ્યા. લગભગ સાડાબાર વાગ્યે એ છોટાઉદેપુર ફોરેસ્ટ ઓફિસ પાસે પહોંચ્યા ત્યારે મીણાસાહેબ એમને સત્કારવા હાજર જ હતા. એ પણ બસમાં બેસી ગયા ને બસ નજીકમાં, ઓરસંગ નદીના કિનારે આવેલા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના રેસ્ટ હાઉસ તરફ લેવડાવી.

બધાનો ઉતારો એ રેસ્ટહાઉસમાં જ હતો. રેસ્ટહાઉસ વિશાળ હતું. એનું કમ્પાઉન્ડ પણ વિશાળ હતું. એ કમ્પાઉન્ડમાં જ મીણાસાહેબનો બંગલો હતો ને બાજુમાં સર્વન્ટ ક્વાર્ટર હતું. બધાં કપડાં બદલીને તૈયાર થઈને ડાઈનિંગ હોલમાં આવી ગયા. રેસ્ટ હાઉસના સર્વન્ટની પત્ની અને એની યુવાન નમણી દીકરી મોનીએ સરસ રસોઈ બનાવીને તૈયાર જ રાખી હતી. “વિદ્યાર્થીઓ,” મીણાસાહેબે કહ્યું, “તમે લોકો જમીને કલાકેક આરામ કરી લો પછી આજે આપણે રેસ્ટ હાઉસની આજુબાજુની વનસ્પતિની જાણકારી મેળવીશું.” લગભગ કલાક પછી મીણાસાહેબે કુરેશીને પોતાના બંગલામાં બોલાવ્યા.

“આવો કુરેશીસાહેબ,” મીણાસાહેબે એમને આવકારીને સોફા પર બેસવાનો ઈશારો કરતાં કહ્યું, “આ સામે ઊભો છે એ મારો દીકરો અતુલ. એ મિલિટરીમાં છે ને હમણાં રસોડામાં ગઈ એ મારી દીકરી ક્ષિપ્રા. એ બી.એસસી.ના છેલ્લા વર્ષમાં છે. મારી પત્ની ઉમા પણ રસોડામાં જ છે. થોડી વારે એ ત્રણે આવીને સોફા પર ગોઠવાયાં એટલે મીણાસાહેબે કુરેશીસાહેબનો પરિચય આપ્યો. “આ મારા ખાસ મિત્ર કુરેશીસાહેબ, એ વલ્લભ વિદ્યાનગરની યુનિવર્સિટીમાં બોટની ભણાવે છે. બહુ હોંશિયાર છે. એમનું વતન ઉદયપુર છે. એમણે હમણાં નવી સરસ ગાડી લીધી ને વિદ્યાનગરમાં જ સરસ બંગલો પણ ખરીદ્યો!”

“અરે સાહેબ,” કુરેશી હસ્યા, “બેન્કો લોન આપે છે એટલે બધું લેવાય છે, બાકી આપણે ક્યાં રોકડેથી ખરીદી શકીએ એમ છીએ?”

“એ વાત પણ ખરી,” મીણાસાહેબ બોલ્યા, “ચાલો, છોકરાઓને આજે રેસ્ટહાઉસની આજુબાજુ ફેરવીએ.”

એ બન્ને રેસ્ટહાઉસ પર ગયા ત્યારે બધા વિદ્યાર્થીઓ તૈયાર જ હતા. કેમેરા, નોટ, પેન બધું લઈને બધા બહાર આવ્યા ને મીણાસાહેબે ચાલવાની શરૂઆત કરી.

રેસ્ટહાઉસની પાછળના ભાગમાં જ જંગલની શરૂઆત હતી. જુદી જુદી વનસ્પતિનો મીણાસાહેબે પરિચય કરાવ્યો. કેટલાકે નાના નાના છોડ તોડી પણ લીધા, ફોટો પણ પાડયા. પછી બાજુમાં વહેતી ઓરસંગ નદીના કિનારે થોડે સુધી બધા ગયા ને એના તટમાં ઊગેલી વનસ્પતિઓનો પરિચય મીણાસાહેબે કરાવ્યો. મીણાસાહેબના બંગલામાં અતુલ નવરો પડ્યો પડ્યો છાપું વાંચતો હતો, ત્યાં મોની આવી.

“અત્યારે સાંજના છાપું વાંચો છો?” મોનીએ પૂછ્યું.

અતુલ એને જોઈ જ રહ્યો. એની દેહછટા, નમણો ચહેરો, મીઠું હાસ્ય એને સ્પર્શી ગયું. “તો શું કરું?” અતુલે કહ્યું, “મારે પણ આજુબાજુ જંગલ જોવું છે પણ મને કોણ લઈ જાય?” “હું લઈ જાઉં,” મોની બોલી, ‘‘થઈ જાવ તૈયાર.”


અતુલને તો ઊભો થઈને મોનીને ભેટવાનું મન થઈ ગયું પણ માંડ મનમર્કટને એણે કાબૂમાં રાખ્યું. “ચાલ,” અતુલે ઊભા થતાં કહ્યું, “હું મમ્મીને કહેતો આવું. પપ્પા તો છોકરાઓને લઈને ગયા છે.”

મોની બહાર નીકળી ને અતુલ મમ્મીને કહીને બહાર નીકળીને મોનીની પાછળ પાછળ પડછાયો બની ગયો. “જુઓ,” મોનીએ હાથ લંબાવીને કહ્યું, “આ ઓરસંગ નદી, બહુ સરસ નદી છે. એમાં મગર પણ છે.” “હેં?” અતુલે પૂછ્યું, “એનાં બચ્ચાં કેવાં હોય?”

“એ તો નદીમાં હોય,” મોની બોલી, “પણ એનાં ઈંડાં બતાવું.” આટલું કહીને મોની અતુલને નદીકાંઠે એક રેતીના ઢગલા પાસે લઈ ગઈ. એ ઢગલાઓમાં પાંદડાં હતાં. મોનીએ પાંદડાં હટાવ્યા ને નીચે વીસ-પચીસ ઈંડાં દેખાયાં!” “વાહ,” અતુલ બોલ્યો, “કેવી રચના કરી છે કુદરતે!” “ચાલો હવે આગળ,” મોની બોલી, “જંગલમાં ચીકુ ને રાયણાનાં ઝાડ પણ છે.”

એ બન્ને આગળ ચાલ્યાં ને ઝાડ પરથી ચીકુ ને રાયણા તોડીને મોનીએ અતુલને આપ્યા. અતુલ તો ખુશ થઈ ગયો.

બીજા દિવસે મીણાસાહેબ સવારે બધા વિદ્યાર્થીઓને લઈને ચાલતાં ચાલતાં ઓરસંગના કિનારે કિનારે છેક સુરખેડા ગામ સુધી ગયા. રસ્તામાં ઘનઘોર જંગલનો પરિચય કરાવતા ગયા. જંગલમાં ક્યારેક વાઘ દેખાય, જો કે, દીપડાઓની વસ્તી સારી એવી હતી.



**હું હમણાં કમ્પાઉન્ડમાં ગઈ હતી ને મેં જંગલમાંથી કંઈક અવાજ સાંભળ્યા, ને ગાડીની લાઈટો પણ મને દેખાઈ. કોઈ ચોર જંગલમાંથી લાકડું ચોરી જતા લાગે છે. તું તારી રિવોલ્વર ને જીપની ચાવી લઈને જલદી આવ**

બપોરે બધા પાછા આવી ગયા. એ દરમ્યાન અતુલ અને મોની પણ ઓરસંગના કિનારે આંટો મારીને પાછા આવી ગયાં. અતુલને હવે મોની ખરેખર પસંદ પડી ગઈ. એ દિવસે શનિવાર હતો ને વિદ્યાર્થીઓએ રાત્રે કેમ્પફાયરનો કાર્યક્રમ રાખેલો. મીણાસાહેબના કુટુંબને પણ આમંત્રણ આપેલું. સાંજના રુટિન મુજબ જંગલનો રાઉન્ડ મારવા ડ્રાઈવરને અને રેન્જર તડવીને લઈને મીણાસાહેબ જંગલમાં ઉપડ્યા. રસ્તામાં એક રાયણાના ઝાડ પાસે મીણાસાહેબનું ધ્યાન ગયું. એક તાજું ઠારેલું તાપણું એમને દેખાયું. એમણે જીપ ઊભી રખાવી. એમને પ્રશ્ન થયો કે અહીં કોણે તાપણું સળગાવ્યું હશે?

જીપના અવાજથી આજુબાજુ બેઠેલા વાંદરા ભાગ્યા ને રાયણાના ઝાડ પર ચડ્યા. એ સાથે જ ઝાડ ઉપરથી ધબાક અવાજ સાથે કશુંક નીચે પડ્યું. તડવી તરત જ દોડયો. મીણાસાહેબ પણ નીચે ઊતર્યા.

“સાહેબ,” તડવી બોલ્યો, “આ તો વીંટો વાળેલું વાઘનું ચામડું લાગે છે.”

“અહીં હેડલાઈટ પાસે લાવ” મીણાસાહેબે કહ્યું.

હેડલાઈટના અજવાળામાં વીંટો ખોલાયો, મીણાસાહેબે જોયું-દીપડાનું ચામડું હતું. એમને ખ્યાલ આવી ગયો કે કોઈ શિકારીએ દીપડાને મારીને એનું ચામડું સૂકવવા અહીં રાખ્યું હશે ને રાતના સમયે છાનામાના આવીને લઈ જવાની એની ગણતરી હશે.

ચામડું જીપમાં નખાવીને બધા પાછા આવ્યા. ચામડું થોડી વાર પછી ઓફિસમાં મૂકવાનું કહીને મીણાસાહેબ પત્ની અને દીકરા-દીકરીને લઈને કેમ્પફાયર માટે ગયાં.

બધા વિદ્યાર્થીઓ ગોઠવાઈ ગયા હતા. કુરેશીસાહેબે વિંનતી કરી કે, મીણાસાહેબ એમના અનુભવો કહેશે, એટલે મીણાસાહેબે જંગલની વાત શરૂ કરી. થોડી વાર વાત કરીને એમણે ડ્રાઈવરને ચામડું લઈને બોલાવ્યો.

“જુઓ,” એમણે કહ્યું, “આ ચામડું કોઈ શિકારીએ ઝાડ પર છુપાવી રાખેલું ને મને હમણાં જ એ મળ્યું. આવું પણ બને છે જંગલમાં.”

બધા વિદ્યાર્થીઓ દીપડાના ચામડાના ફોટા પાડવા લાગ્યા. એ પછી ગીતસંગીતનો કાર્યક્રમ શરૂ થયો. અતુલે ને મોનીએ પણ ગીત ગાયું. એ પછી જમીને સૌ વિખેરાયાં.

બીજા દિવસે રવિવારે સાંજના કુરેશીસાહેબે મીણાસાહેબની રજા લઈને વિદ્યાનગર તરફ પ્રયાણ કર્યું. પછી તો રેસ્ટહાઉસનું કમ્પાઉન્ડ ખાલી પડ્યું! અતુલને હવે એકલું લાગવા માંડ્યું.

એણે મોનીનો મોબાઈલ નંબર લીધો ને પોતાનો નંબર પણ એને આપ્યો. “મોની,” અતુલે કહ્યું, “તું મને ફોન કરતી રહેજે. અહીં તું એક જ છે જે મને ગમે. એટલે તને પણ જો ગમતું હોય તો ફોન કરજે.”

અઠવાડિયા પછી રાત્રે મોનીનો ફોન આવ્યો.

“અતુલ,” એ બોલી, “હું હમણાં કમ્પાઉન્ડમાં ગઈ હતી ને મેં જંગલમાંથી કંઈક અવાજ સાંભળ્યા, ને ગાડીની લાઈટો પણ મને દેખાઈ. કોઈ ચોર જંગલમાંથી લાકડું ચોરી જતા લાગે છે. તું તારી રિવોલ્વર ને જીપની ચાવી લઈને જલદી આવ, આપણે એમને પકડી પાડીએ ને તારા પપ્પાને સોંપી દઈએ.” અતુલ ફટાફટ નીચે આવ્યો ને મોનીને બેસાડીને એણે કહ્યું એ દિશામાં એણે જીપ ભગાડી. જંગલમાંથી નીકળીને શહેર તરફ જતી એક કાર એમને દેખાઈ. અતુલે તરત જ એ કારની આગળ પોતાની જીપ લીધી ને કારની આગળ જ ઊભી રાખી દીધી. કાર સજ્જડ બ્રેક મારીને અટકી.

“ડેકી ખોલ,” અતુલે કહ્યું. એનું પડછંદ શરીર જોઈને ડ્રાઈવરે તરત જ ડેકી ખોલી ને અતુલે ડેકીમાં ડોકિયું કર્યું ને એ આભો બની ગયો - ડેકીમાં દીપડાના ત્રણ ચામડા હતા! અતુલે ડ્રાઈવરને એક લાફો માર્યો. એનો કોલર પકડીને એની પૂછપરછ શરૂ કરી. ‘‘કોની રજાથી આ ચામડા જંગલમાંથી લાવ્યો?” અતુલે પૂછ્યું. એણે ગાડીની પાછલી સીટ તરફ જોયું, પણ કાળા કાચ અને અંધારાને લીધે એને કશું દેખાયું નહીં.“સાહેબ” ડ્રાઈવર બોલ્યો, “પાછલી સીટમાં બેઠા છે એ સાહેબનાં ચામડાં છે, હું તો ગાડી ભાડે આપું છું, એટલે આવ્યો છું.”

“ચાલ,” અતુલે કહ્યું, “પોલીસસ્ટેશને લઈ લે.”

આગળ ગાડી અને પાછળ જીપ રાખીને અતુલ અને મોની છોટાઉદેપુરના પોલીસસ્ટેશને પહોંચ્યાં. રસ્તામાંથી જ અતુલે મીણાસાહેબને ફોન કરી દીધેલો એટલે એ તો પોલીસસ્ટેશનમાં આવીને બેઠેલા.

ગાડી ઊભી રહી કે તરત જ ત્રણ-ચાર પોલીસો સાથે પી.એસ.આઈ.ગાડી પાસે આવ્યો. એમણે પાછલું બારણું ખોલ્યું ને અંદરથી જે વ્યક્તિ બહાર આવી એને જોઈને મીણાસાહેબ સ્તબ્ધ થઈ ગયા - એ ડૉ. કુરેશીસાહેબ હતા ! “સાહેબ,” ડ્રાઈવર બોલ્યો, “આ સાહેબનાં ચામડાં છે, હું કંઈ જાણતો નથી.” કુરેશી નીચું મોં રાખીને ઊભો રહ્યો. અતુલે તરત જ જિલ્લાના ડી.વાય. એસ.પી.ને પોતાનો પરિચય આપીને કુરેશીની માહિતી અત્યારે જ આપવાનું કહ્યું.

દસેક મિનિટમાં અતુલ પર ડી.વાય.એસ.પી.નો ફોન આવ્યો - કુરેશી છે તો પ્રોફેસર પણ એની પાસે પુષ્કળ પૈસા છે. એણે ગાડી ને બંગલો અહીં રોકડેથી જ લીધા છે ને ઉદયપુરમાં પણ બંગલો બનાવડાવ્યો છે!

પોલીસે તરત જ એફ.આઈ.આર. નોંધવાની કાર્યવાહી શરૂ કરી. “વાહ અતુલ બેટા,” મીણાસાહેબ એનો ખભો ઠપકારતા બોલ્યા, “તેં બહુ સરસ કામગીરી કરી. તને તો ઈનામ આપવું જોઈએ. બોલ, શું ઈનામ આપું?” “મારું ઈનામ તમારી પાસે જ ઊભું છે પપ્પા,” અતુલે મોની તરફ ઈશારો કરીને કહ્યું, “બસ, મારે બીજું કશું ન જોઈએ.” મોની શરમથી નીચું જોઈને અંગૂઠાથી ભોંય ખોતરવા લાગી! આટલું સુખ ને આટલી મઝા તો એને ક્યારેય નહોતી મળી!

(શીર્ષકપંક્તિઃ હર્ષદ સોલંકી)